**નોવેલ કોરોના વાઈરસ (Covid-19) મહામારીને ધ્યાનમાં લઈ નવસારી કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક/બિન શૈક્ષણિક વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના અધિકારીઓ /કર્મચારીઓના એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત નિધી ફંડમાં જમા કરાવવા બાબત.**

વંચાણમાં ૧ નવસારી કૃષિ યુનિવર્સિટી ટીચરર્સ એસોસીએશન (નઉટા)ના તા.૨૬.૩.૨૦૨૦ના ઈમેલ પત્ર

## :: પરિપત્ર::

તાજેતરમાં દેશભરભાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) મહામારીને નિયંત્રણમાં લાવવા માટે ભારતસરકાર તેમજ રાજ્ય સરકાર અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જુદી જુદી તકેદારીઓ લેવામાં આવેલ છે. આ મહામારીને નિયંત્રણમાં રાખવા માટે દેશભરમાં સંપૂર્ણ રીતે લોકડાઉન જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી સરકારશ્રીએ જાહેર હિતમાં રાજય સરકારની આવશ્યક સેવાઓ સાથે સાંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫.૩.૨૦૨૦ થી તા. ૧૪.૪.૨૦૨૦ સુધી બંધ રાખવામાં આવેલ છે. તેમજ આ મહામારીને ધ્યાનમાં લઈ સરકારશ્રી દ્વારા રાજ્ય સરકાર ૨૧ દિવસનો લોકડાઉન જાહેર કરેલ છે. અને તેની સમાજના તમામ લોકોને અસર પડે છે.

હાલમાં ઉદભવેલી પરિસ્થતિને ઘયાનમાં લઈ ઉપરોકત વંચાણમાં લીધેલ નવસારી કૃષિ યુનિવર્સિટી ટીચર્સ એસોસીએશન (નઉટા)ના તા.૨૬.૩.૨૦૨૦ના ઈમેલ પત્રની વિગતો જોતા આ યુનિવર્સિટીના વર્ગ-૧ થી વર્ગ-૩ના હોદ્દેદારોએ આપેલ સંમતીને ધ્યાનમાં લઈ ચાલુ માસ એટલે કે માર્ચ-૨૦૨૦ના પગાર માંથી એક દિવસોનો પગાર રાજયના "મુખ્યમંત્રી રાહત નિધી ફંડ" માં આપવાનુ નકકી કરેલ છે.

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કોલેજ/પોલીટકનીક/યુનિટ/સબ યુનિટના વડાશ્રી ઓને જણાવવામાં આવે છે કે આપના તાબા હેઠળ ફરજ બજાવતા શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારી/ અધિકારીઓનો એક દિવસોનો પગાર માહે માર્ચ-૨૦૨૦ ના પગાર બીલમાંથી કપાત કરવાની જવાબદારી હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીએ કરવાની રહેશે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ. ૩.૨ /**૨૪૮૪-૨૫૩૩**/ ૨૦૨૦
ન.કૃ.યુ. નવસારી તા.૨૬.૩.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ નવા સચિવાલય બ્લોક નં. ૫ ગાંધીનગર તારફ જાણ સારુ..
(૨) યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટકનીના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ.
(૩) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ.
(૪) હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા
૨/- આ સાથે યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીશ્રીઓનો એક દિવસનો પગાર રાજયના મુખ્યમંત્રી રાહત નિધી ફંડમાં જમા કરાવવાની કાર્યવાહી હાથ્ ધરવા સારુ..
(૫) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ..
(૬) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ..